

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*જવું તો છે ગામ, ક્યારે વારો આવે, કોને ખબર ?*
*શ્રમિકોની ટ્રેન, ક્યારે નારો આવે કોને ખબર ?*
*ખપે શાંતિ, કાળ ક્યારે સારો આવે કોને ખબર ?*
*જવું તો છે ધામ, ક્યારે આરો આવે કોને ખબર ?*
*(બધું ઈશ્વરના હાથમાં છે...)*

### હાઈકુ

*રૂઝશે ક્યારે ?*
*- કર્યા 'ગંભીર' ઘાવ -*
*પાટાપીંડી થી!!*

*દાબ્યાં મોં નાક -*
*હવે થાબડો પીઠ -*
*આપો પેકેજ...*

### ચિંતન

*શ્રૂયતાં ધર્મસ્વસ્વં શ્રુત્વા ચ અવધાર્યતામ્ ।*
*આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્ ॥*

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

અગ્નિહોત્રં વગર વેદોનું અધ્યયન વ્યર્થ છે તથા દાન દક્ષિણા વગર યજ્ઞ આદિ કર્મ નિષ્ફળ હોય છે. શ્રદ્ધા અને ભક્તિ વગર કોઈ પણ કાર્યમાં સફળતા નથી મળતી. મનુષ્યની ભાવના, વિચાર તેની બધ્ધી સિદ્ધિઓ અને સફળતાનું કારણ મનાય છે.

જે વ્યક્તિ વેદ આદિ શાસ્ત્રોનું અધ્યયન કરે છે. યદિ તે અગ્નિહોત્ર શુભકાર્ય કરતો નથી તો તેનું વેદ અધ્યયન વ્યર્થ છે. યજ્ઞ કરવાવાળા વ્યક્તિ એ વિદ્વાન બ્રાહ્મણને દક્ષિણા ન આપવાથી યજ્ઞ નિષ્ફળ થાય છે. મનુષ્ય જેવી ભાવનાથી કામ કરે છે તેને તેવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

### સુવિચાર

- યથાર્થ વસ્તુને દેખાડે, તે સમ્યક બુદ્ધિ - **આપ્તસૂત્ર**
- આપણે ભૂલ વગરના થઈ જવું, તેથી માથે ઊપરી કોઈના રહે - **ડો. નીરુબહેન અમીન**
- જયારે હું જોઉં છું કે એક આંધળો કુવા તરફ જઈ રહ્યો છે ત્યારે હું ચૂપ રહું તો તે ગુનો છે - **બર્નાડ શો**
- આચાર્ય આચારથી પેદા થાય છે, ડિગ્રીઓ થી નહીં - **મોરારિ બાપુ**
- શિક્ષક અને સેનાપતિની એકસરખી જવાબદારી છે, બંને સમાજના રખેવાળ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મનસ્વી જન ઈચ્છાપૂર્વક મરવાનું સ્વીકારી લેશે, પણ તે દીનતા ધારણ નહીં કરે, અગ્નિ ઓલવાઈ જાય છે પણ કદી શીતળ બનતો નથી - **સંસ્કૃત સુભાષિત**
- આજનું ઔષધ : બકરીના તાજા દૂધમાં લવિંગ ઘસીને આંખોમાં આંજવાથી રતાંધણાપળું મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈંગ્લેન્ડના રાજા જયોર્જ તૃતીય ક્રોધી સ્વભાવના હતા. નાની બાબતમાં પણ તેઓ આકરી સજા ફરમાવતા. એકવાર તેઓ બિમાર પડ્યા. એમના ક્રોધી સ્વભાવને કારણે કોઈ ડૉકટર એમની સારવાર કરવા રાજી ન હતા. દૂર ગામડામાં એક ડૉકટરે હિમ્મત કરી. અને રાજાનો ઉપચાર કરવા લંડન આવ્યો. રાજા બેભાન હતા. એ સમયે રોગનું નિદાન કરવા આ ડૉકટરે લોહી લીધું. થોડા જ સમયમાં રાજા સ્વસ્થ થયા પરંતુ જયારે એને ખબર પડી કે આ ડૉકટરે એના રોગનું નિધાન કરવા લોહી લીધું હતું. ત્યારે એણે ગુસ્સામાં કહ્યું, 'મારી રજા લીધા વગર મારું લોહી લીધું જ કેમ ? કોણે તમને રાજાનું ખાનદાની લોહી લેવાનો આવો અધિકાર આપ્યો ?' આપ મને સજા જરૂર કરો, પરંતુ માટે એટલું જ કહેવાનું છે કે જે સમયે મેં આપનું લોહી લીધું, ત્યારે આપ બેહોશ હતા. મને રજા આપવાની સ્થિતિમાં નહોતા.' રાજા જયોર્જ આ જવાબ સાંભળી તેમનો ગુસ્સો શાંત થઈ ગયો. અને ડૉકટરને પોતાના અંગત ચિકિત્સક તરીકે નિયુક્તિ કર્યો. રાજાના અંગત સચિવે આ ડૉકટરને પૂછ્યું કે આવા મહાક્રોધી રાજાનો ઉપચાર કરવાનું બીડું એણે કેમ ઝડપ્યું ? ત્યારે આ ડૉકટરે જવાબ આપ્યો, 'મારો આત્મવિશ્વાસ જ મને અહીં સુધી લઈ આવ્યો હતો.' જે લોકો જોખમ વ્હોરીને આત્મવિશ્વાસ સાથે પોતાનું કામ કરવા પ્રયત્ન કરે છે, એને અવશ્ય સફળતા મળે છે.

# લોકડાઉનમાં છૂટછાટથી રાહત

### તંત્રીસ્થાનેથી...

પચ્ચીસમી માર્ચથી શરૂ થયેલી લોકડાઉન પરંપરા એસત્રીસમી મે સુધી લંબાવવી પડી છે તે સરકાર અને પ્રજા - ઉભયની મજબૂરી છે. સરકાર તો ઉત્સવઘેલી હતી, એના વડાને જ નિવાસસ્થાને પુરાઈ રહેવું પડે છે. વિશ્વપ્રવાસના પરમ શોખીન વડાપ્રધાનને દિલ્હી બહાર શું, ખુદ પ્રધાનમંત્રી નિવાસ બહાર પગ મૂકવામા સાંસા છે. ગામ ભેગું ઘર બળે તો વિવાહ જેવું - એ કહેવત મુજબ પ્રજાને પણ ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડી ત્યારે મોટું આશ્વાસન એ વાતનું હતું કે આપણે તો ઠીક, આ બધા વીઆઈપી લોકો ખુદ લોકડાઉન થઈ ગયા છે એટલે જરૂર કોરોના કોઈ બહુ મોટી જીવલેણ બીમારી હોવી જોઈએ. જીવ બચાવવા માટે આખી દુનિયા ઘરમાં સંતાઈ ગઈ હોય એવી આ ઐતિહાસિક ઘટના કદાચ શતાબ્દીમાં અગાઉ કોઈએ જોઈ નહીં હોય. રોગચાળા ફાટી નીકળતા પણ એમનો વ્યાપ મર્યાદિત રહેતો. પ્લેગગ્રસ્ત વિસ્તારની બહાર કોઈ જાણતું પણ નહીં કે આવી જબરી બીમારી ફેલાઈ ગઈ છે. ગ્લોબલાઈઝેશનને કારણે રોગચાળો પણ ગ્લોબલ બની ગયો છે. નેતાગીરી ગ્લોબલ, બિઝનેશ ગ્લોબલ પછી બીમારી પણ લોકલ શું કામ રહે ? એક અદૃષ્ઠ વાઈરસે આખી દુનિયાને ઘૂંટણિયે પાડી દીધી છે. કહેવાતી મહાસત્તાને એની હેસિયત બતાવી દીધી છે.

ચીનનું કાવતરું હોય કે જે હોય તે - કોરોના નામનો વાઈરસ હવે વર્ષો સુધી માનવજાતની મેથી મારતો રહેશે. આફતને અવસરમાં ફેરવવાની આશાઓ રાખનારા વિમાનસેવા કે ટ્રેન સેવા શરૂ કરી શક્યા નથી. ફક્ત સસ્તા દરે જમીનો પધરાવી દેવાથી, ટેક્સ બેનીફીટ આપવાથી કે મજૂર કાયદાઓ હળવા કરી દેવાથી મોટા ઉદ્યોગો ચીનનું માર્કેટ છોડી ભારતમાં આવી જશે એવી કલ્પના તો મૂર્ખાઓના સ્વર્ગમાં રાચવા જેવી, શેખચલ્લીના વિચારો જેવી છે. પહેલાં ઘર તો સરખું કરીએ ! ઘર બહાર નીકળવાની લાયકાત તો કેળવીએ. કોરોનાની હાક અને ધાકમાં લાખો સિનિયર સિટીઝન્સ અને ઘરમાં નજરકેદ કરી દેવાયેલાં બાળકોની માનસિક દુર્દશાનો હિસાબ માંડીશું ત્યારે સમજાશે કે કોરોનાએ લીધેલા ભોગ કરતાં લોકડાઉનથી થયેલ નુકશાન ઘણું વધારે હતું. લોકડાઉન એ સંક્રમણ રોકવાનો કારગત ઉપાય નથી, એવું ખુદ તજજ્ઞો કહેવા લાગ્યા છે. એથી તો ઊટલી પ્રજામાં પેઢીઓ સુધઈ વારસાઈમાં ઊતરે એવી ભયગ્રંથિ જ સરજાઈ છે. આર્થિક પાયમાલીની અસર જનજીવન સામાન્ય બને એ પહેલાં જ દેખાવા લાગી છે. ગરીબ પ્રજા માટે જીવવું દોહ્યલું બની ગયું છે. નોકરી કરનારાઓને નોકરીની સલામતી વિશે શંકાઓ જાગી છે. બેન્કોમાં મરણમૂડી મૂકી રાખનારાને એ નાણાંના વ્યાજની આવક ઘટતા નવેસરથી કરકસરિયું જીવન જીવવાની ફરજ પડી છે. હવે પછી લોકડાઉન લંબાશે તો પ્રજા વિદ્રોહ કરશે, જોખમ ખેડીને રસ્તા પર આવી જશે. રાજકોટમાં લોકોનાં ટોળાએ ખુદ પોલીસ વડા પર હુમલો કરી દીધો તે શું સૂચવે છે? મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રજાનો મૂડ પારખી લીધો છે. વડાપ્રધાન પણ હવે લોકડાઉનવાળી જવાબદારીથી લઈ ઝોન નક્કી કરવાની સત્તા રાજયોને હસ્તાંતરિત કરી ચૂક્યા છે. આશા રાખીએ કે ઝડપથી જનજીવન સામાન્ય બને. ટેન્શન ઘટે, કોરોના સામે લેવાની સાવચેતી વિશેની સભનતા સાથે ગુજરાત ફરી ધબકતું બને, એ જ સમયની માંગ છે. બાબુશાહી અને પોલીસરાજ જેવી વર્તમાન પરિસ્થિતિ લાંબો વખત કોઈ પણ શાણી પ્રજાને ન શોભે.

# ક્ષેમુભાઈ દિવેટીયાની રચનાઓએ ગુજરાતી કાવ્ય સંગીતને રળિયાત કર્યું છે



### અજવાળું - અજવાળું

તુષાર જોશી

'આ તો ગાગરમાં સાગર સમાવવા જેવી વાત છે, વધુ એપિસોડ રજૂ કરો.'

'અમારે ડોક્યમેન્ટરીના થોડા દશ્યો નહિ, પુરી ફિલ્મ જોવી છે!'

'એમની રચનાઓએ ગુજરાતી કાવ્ય સંગીતને રળિયાત કર્યું છે.'

'એમના સ્નેહ આશ્રયમાં, એમની પાસેથી શીખીને નવી પેઢી વિકસી છે.'

આવા આવા તો અનેક વાક્યો વાંચવા સાંભળવા જેમના માટે મળ્યા, એ વ્યક્તિત્વ એટલે કાવ્ય સંગીતના પ્રેમીઓના હૃદયમાં રૂદિયાના રાજા તરીકે વસેલા ક્ષેમુ દિવેટીયા.

ગુજરાતી સુગમ સંગીત ક્ષેત્રે સમર્થ સ્વરકારની અમીટ છાપ મુકી જનાર ક્ષેમુભાઈના સાનિધ્યમાં, એમની સંગીતની મહેફિલોમાં જેમણે જેમણે સમય વીતાવ્યો છે એ તમામે એમનું સ્મરણ કર્યું તાજેતરમાં 'અમદાવાદ તક' નામની યુ ટ્યુબ ચેનલ પર ક્ષેમુ કાકાને સ્મરણમાં રાખીને પ્રસ્તુત કરાયેલા ત્રણ એપિસોડના સમયે.

'અમદાવાદ તક' ધ્વનિ ઓઝા નામની અમદાવાદની સ્ટેજ આર્ટીસ્ટનું રચેલું પ્લેટફોર્મ છે જેના પર આર્ટ-કલ્ચર - ટ્રાવેલ - સ્પીરીચ્યુઅલ કાર્યક્રમો અને અમદાવાદની હકારાત્મક વાતો રજૂ થતી રહે છે.

મૂળ ભાવનગરના હર્ષજીત ઠક્કર, જેઓએ અમદાવાદ ઈસરોમાં ખુબ કામ કર્યું છે અને પછીલંડન સ્થાયી થયા છે, તેમને વિચાર આવ્યો કે લોકડાઉનના આ સમયમાં કાવ્ય સંગીત પર કંઈ રજૂઆત થવી જોઈએ. દાયકાઓ પહેલાનો 'મહેફિલ' કાર્યક્રમનો એમનો અનુભવ અને કલાકારો સાથેની દોસ્તી એમની પાસે હતા જ, તેમણે ફોન કર્યો અમદાવાદના જાણીતા તસવીરકાર હર્ષેન્દુ ઓઝાને.... આખોયે કાર્યક્રમ ડીઝાઈન થયો... કલાકારોએ પોતાના ઘરમાં જ રહીને ક્ષેમુકાકાને સમર્પિત કાર્યક્રમ માટે સમર્પિત ભાવે પ્રસ્તુતિ કરી, આર્કાઈવ્ઝમાંથી મિત્રોએ ખજાનો ખોલી આપ્યો અને સરવાળે ત્રણ એપિસોડ એક અઠવાડિયામાં 'અમદાવાદ તક' યુ ટ્યુબ ચેનલ પર અને બ્રિટનમાં MATV પર રજૂ થયા જે દરમિયાન મળેલા પ્રતિભાવો પૈકીના કેટલાક લેખના પ્રારંભે લખાયા છે.

ક્ષેમુ દિવેટીયા એક એવું નામ, જ લેતાં કે સાંભળતા જ મન મુકીને ખુલ્લું અને સાલસ હાસ્ય કરતા, પ્રેમાળ, મૌજીલા ક્ષેમુકાકાનું દશ્ય નજર સામે આવી જાય... શબ્દને પામવાના અને પછી યોગ્ય સૂરમાં યોગ્ય કલાકાર પાસે ગવડાવવાના એ માહિર સ્વરકાર હતા.

જિંદગીની પળપળને માણનાર હતા ક્ષેમુભાઈ.... પ્રસ્તુત કાર્યક્રમમાં કવિ-પ્રવક્તા તુષાર શુક્લે સાચું જ કહ્યું કે, 'ક્ષેમુભાઈ એટલે રૂદિયાના રાજા, રંગો સાથે વ્યવસાય કર્યો, એમનું સંગીત, મિત્રો, જીવન બધું જ રંગભર રહ્યું.' કાર્યક્રમમાં ડાયરેકટર હર્ષજીત ઠક્કરે કહ્યું કે, 'મુંબઈના કલાકારો નાટ્ય પ્રસ્તુતિ માટે અમદાવાદ આવે, નાટક પુરું થાય પછી ક્ષેમુભાઈના ઘરે સંગીતની બેઠકનો આરંભ થાય.... ક્ષેમુભાઈ એટલે ખોબલે ખોબલે આપનારા માણસ...' એમણે સ્વરબદ્ધ કરીને આપેલા કાવ્ય સંગીતના ગીતો - નાટકના અને ગુજરાતી ફિલ્મના ગીતો - ગરબા અને ભક્તિ રચનાઓ એ ગુજરાતી સંગીતપ્રેમીઓને એમની અણમોલ ભેટ છે.

મૂળ નામ ક્ષેમેન્દ્ર વીરમિત્ર દિવેટીયા, પણ વધુ ઓળખાયા ક્ષેમુકાકાના નામે. એમના લગ્ન થયા સુધા લાખીયા સાથે. કવિ બાલમુકુન્દ દવેનું પ્રસન્ન દાંપત્ય જીવનનું ગીત 'કેવા રે મળેલા મનના મેળ...' એ બંનેએ INT સંસ્થાના નાટક સપ્તપદીમાં ગાયું એન પછીથી આ રચના જાણીતા ગાયકો શ્રી જનાર્દન રાવલ અને શ્રીમતી હર્ષિદા રાવલના સ્વરમાં 'શ્રવણ માધુરી' આલ્બમમાં અને 'કાશીનો દીકરો' ગુજરાતી ફિલ્મમાં પણ રજૂ થયું.

રાજયના માહિતીખાતા દ્વારા નિર્મિત ક્ષેમુ દિવેટીયાના જીવન પરની ડોક્યુમેન્ટરી બનાવવાનો અવસર મને મળ્યો હતો એનો અને ભાવનગરમાં એક કાર્યક્રમમાં અતિથિ તરીકે ક્ષેમુકાકા અને સુધાકાકી તથા ગૌરાંગભાઈ અને નયનાબેન પધાર્યા ત્યારે અમારા ઘરે વીતાવેલો સમય પણ મારા માટે મીઠા સંભારણા બની રહ્યો છે.

ત્રણ એપિસોડમાં આ ફિલ્મના દશ્યો, જલસો એપ દ્વારા મળેલા લાઈવ કાર્યક્રમના ગીતો, સલીલ મહેતા નિર્મિત સુરીલી સરગમ કાર્યક્રમના ગીતોએ જાણે સ્મરણોથી સહુને સભર કરી દીધા. માલવ દિવેટીયા એન પૂરા દિવેટીયા પરિવારે આ પ્રયાસને વધાવ્યો.

ક્ષેમુકાકા - સુધાકાકી, રાસબિહારી દેસાઈ - વિભા દેસાઈ, આસીત દેસાઈ - હેમા દેસાઈ, સૌમિલ મુનશી અને ડૉ. શ્યામલ મુનશી, અમર ભટ્ટ, ગાર્ગી વોરા, કલ્યાણી કૌઠાળકર, પ્રહર વોરા, ડૉ. સાવની દિવેટીયા શાહના સ્વરમાં ક્ષેમુકાકાના સ્વરાંકનો પ્રસ્તુત થયા અને બિંદુમાં સિંધુ જેવા આ કાર્યક્રમને મુરબ્બી કવિ - કાર્યક્રમ સંચાલક તુષાર શુક્લએ સંકલિત કર્યો... મને પણ આ કાર્યક્રમના કલાકાર તરીકે જોડાવાનો અવસર મળ્યો અને મારો આનંદ એક અર્થમાં સહુના હૈયામાં સ્મરણોના દીવડા પ્રગટવાને સૂર - શબ્દના અજવાળા રેલાયા.

# શું એકનો ભૂતકાળ બીજાનો ભવિષ્યકાળ બની શકે?



### વિચારયાત્રા

ડો. જય ઓઝા

સમાંતર, પેરેલલ શું કોઈ વ્યક્તિનું જીવન એક સમાન જઈ શકે ? એક વ્યક્તિનો ભૂતકાળ શું બીજાનું ભવિષ્યકાળ બની શકે ખરો ? એકની સાથે બની ગયેલી ઘટના બીજા વ્યક્તિ સાથે થનારી ઘટના તરીકે સંભવી શકે ખરી?

આ બધાં પ્રશ્નોનું જાળું છે સુહાસ શિરવાલકરની મરાઠી નવલકથા સમાંતર. તેના પરથી એક સરસ મજાના નવા કોન્સેપ્ટ સાથે વેબ સીરીઝ એમ એક્સ પ્લેયર એકી બેઠકે જોઈ નાખી.

સંસ્કૃતમાં એક ઉક્તિ છે

। વિશાળે કાવ્ય સંસારે કવિઃ એક પ્રજાપતિ ।

કાવ્યોના વિશાળ સંસારમાં કવિ જ પ્રજાપતિ છે બ્રહ્મા છે.

આ વાર્તાની રચના પણ વૈજ્ઞાનિક તથ્યોને ડુચો વાળીને બાજુ પર મૂકીને કરવામાં આવી છે.

આપણા દેશમાં જ્યોતિષ એક એવું શાસ્ત્ર છે કે જેનો પાર હજી સુધી તો કોઈ પામી શકયું નથી. માનો કે ન માનો આ શાસ્ત્ર પર જીવનમાં કોઈ ને કોઈ વખતે તો આપણે તેના શરણે ગયા જ હોઈશું.

વાર્તાની શરૂઆત એક ગંદી ઝૂંપડપટ્ટીના વાતાવરણથી થાય છે. જયાં કથાનો હીરો સ્વપ્રિલ જોશી કે જે રામાનંદ સાગરની ક્રિષ્ના સીરીયલ નો કૃષ્ણ અને ઉત્તર રામાયણમાં જે બે ભાઈઓમાંથી કુશ તરીકે આપણે જોયો છે.

જિંદગીથી ત્રાસીને, પળોજણોમાં અટવાયેલો એક હારેલો કથાનાયક જ્યોતિષને પોતાનો હાથ બતાવવા જઈ રહ્યો છે. જોકે એ આ બધા શાસ્ત્રમાં કે ભગવાનમાં વિશ્વાસ નથી,પરંતુ મરતા ક્યા નહીં કરતા તે ન્યાયે તે તેના મિત્ર સાથે એક જ્યોતિષ પાસે આવે છે.

પોતાનો હાથ દેખાડે છે અને શરૂ થાય અચંબિત કથા. વાર્તા શરૂ થયના દસ મિનિટમાં જ આપણા નેત્રો વિસ્ફારિત થઈ જાય,અને મન ચકડોળે ચઢી જાય એવા વિધાનો આવવા માંડે છે.

જ્યોતિષ સ્વપ્રિલ જોશીનો હાથ જોઈને કહે છે કે, આ હસ્તરેખાઓ તો હું ૩૦ વર્ષ પહેલાં જોઈ ચૂક્યો છું. હું તારું ભવિષ્ય પરિવાર તને નહીં કહું.

સ્વપ્રિલ જોશી કે જે જીવનમાં ક્યારેય જ્યોતિષને મળ્યો નહોતો કે આ સિવાય બીજા કોઈને પણ એને હાથ દેખાડ્યો નહોતો.

એ પણ અચંબામાં પડી પહેલા તો તે માનતો નથી પણ જ્યોતિષ તેને પુરાવા આપે છે ને જણાવે છે કે ૩૦ વર્ષ પહેલા એક વ્યક્તિ ખાસ બતાવવા આવ્યો હતો તેવી જ હસ્તરેખા ને એવું ભવિષ્ય તારું છે.

કથા નો હીરો પોતાની જિંદગીથી પરેશાન છે અને તે ગુરુજીને વિનવે છે વિશે જણાવો પરંતુ ગુરુ તેને કહેતા નથી ગુસ્સામાં આવીને તે ત્યાંથી ચાલ્યો જાય છે. મનોમન નનક્કી કરે છે કે હું મારા ડોપ્લરને શોધી નાખીશ કારણ કે એનો જે ભૂતકાળ છે તે મારું ભવિષ્ય બનવાનું છે.

અને પછી શરૂ થાય છે પડછાયા ની શોધ. યોગાનુયોગ સ્વપ્રિલ જોશી જેવી જ હસ્તરેખા ધરાવતા વ્યક્તિનું નામ સુદર્શન ચક્રપાણિ છે. સુદર્શન ચક્ર ભગવાન વિષ્ણુનું શસ્ત્ર. ચક્રપાણિ, પાણિ એટલે હાથ. ચક્ર જેના હાથમાં છે તેવા વિષ્ણુ.

સમાંતર વેબ સીરીઝમાં પૌરાણિક અને આધ્યાત્મિકતાનો સ્પર્શ પણ ક્યાંક ને ક્યાંક જોવા મળે છે. સુદર્શન ચક્રપાણિનો ભૂતકાળ કુમારનું(સ્વપ્રિલ) ભવિષ્ય બનાવવું છે.

બંને વ્યક્તિ એકબીજા જોડે હાથની રેખાઓથી જોડાયેલા છે. આવી જ રેખાવાળા ચક્રપાણિ સાથે કુમારનું આખું ભવિષ્ય લાગેલું છે .

શું કોઈ વ્યક્તિ ખરેખર એના ભાવિને નિયંત્રિત કરી શકે ?નસીબ જોડે કે ભાવિ જોડે ચેડા થઈ શકે ખરા ?

એટલે જ પહેલાં પણ લખ્યું છે તેમ કાવ્યસૃષ્ટિમાં કવિ પોતે જ બ્રહ્મા છે અને એના પોતાના નિયમો છે.

તારો મારો પ્રેમ સદીઓ પુરાણો છે તારા અને મારા હાથની રેખા મળે છે. અને જો ને તારી ને મારી બધી જ ટેવો પણ મળે છે, આપણે એકબીજા માટે જ બન્યા છીએ.

તમારો દીકરો તો બિલકુલ તમારા પરદાદા પર ગયો છે. અરે તમારી દીકરી બિલકુલ દાદીમા જોઈએ લો.અરે ભાઈ બિલકુલ એણે એના બાપ જેવા સંઘર્ષ વેઠવો પડે છે અસલ આવી જ રીતે એ પણ જિંદગીભર હેરાન થયો હતો.

ઉપરના બંને વાક્યો બંને સંદર્ભો આપણે કેટલી વાર સાંભળ્યા છે ! આપણે પોતે કેટલી બધી વખત કો'કની જોડે બોલ્યા છીએ અથવા આપણે પોતે પણ આમાંના એક છીએ.એટલે સમાંતર કથા જ છે, સત્ય નહીં. એને સંપૂર્ણ રીતે કાલ્પનિક કહી દેવી એ ઉચિત તો નથી જ.

અત્યારનો સમય જોઈ લો બરાબર ૧૮૧૯માં આ જ કાલ ખંડ હતો. આવો જ સમય હતો. આવી જ મહામારી હતી. આવી જ સોશિયલ **distance** ની વાતો હતી. આવો જ ડર હતો. સો વર્ષે શું આ દુનિયાની લકીરો એકબીજાને નથી મળતી આવતી ? સો વર્ષ પહેલાનો ભૂતકાળ શું આપણો અત્યારનો ભવિષ્યકાળ બનવા નથી જઈ રહયો? આ નસીબ આ સમય આ સૃષ્ટિના નિયંતા સુદર્શન ચક્રપાણિ શું વિચારી રહ્યા છે તેની જો તમને અને મને ખબર પડી જાય તો જગત જિત્યા.. પણ એ શક્ય નથી.

એવું કહેવાતું કે આ દુનિયામાં એક જ ચહેરાવાળા સાત વ્યક્તિઓ છે પણ એક લકીર વાળા એક હસ્તરેખા વાળા બે વ્યક્તિઓ છે, અથવા હોય એ વાત સમાંતરે ઉજાગર કરી.

સુહાસ શિરવાલકર ૨૦૧૩માં મૃત્યુ પામ્યા પરંતુ તેમણે આ સમાંતર જેવા ૭૦ કથા સંગ્રહો આપણને આપ્યા છે. તેમાંથી ઘણી બધી તેમની કથાઓ ડિટેક્ટિવ અને સસ્પેન્સ પ્રકારની છે. કલ્પનાનો નાનો સરખો તાંતણો પણ વાસ્તવિકતા સાથે જોડાયેલો હોય છે. હકીકતનો એક અંશ નાનો તો નાનો એક છેડો કલ્પનાનું વિશાળ સામ્રાજ્ય ખડું કરી શકે છે.સમાંતર સંપૂર્ણ કાલ્પનિક છે પરંતુ તેમાં હકીકતનો એક અંશ છે જ છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

# કોરોના પછી વૈશ્વિક ઇન્ડસ્ટ્રીયલ સિનારીયો કેવો હશે?



### આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

અમેરિકન સમાજશાસ્ત્રી અને ડેમોગ્રાફર કિંગ્સલી ડેવીસના સામાજિક પરિવર્તનોના વૈજ્ઞાનિક સિદ્ધાંતોને આખી દુનિયા સલામ કરે છે. હૂવરના સિનિયર ફેલો એવા ડેવિસની સામાજિક પરિવર્તનોના તાણાવાણાની નોંધ આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાય છે. બદલાતા જતા સમાજ અંગેના એમના એક તારતમ્ય અનુસાર, 'સામાજિક સંસ્થાઓના માળખામાં અને કાર્ય પ્રણાલીઓમાં અન્ય વૈકલ્પિક બાબતોનો પ્રવેશ સામાજિક પરિવર્તનનું ઉદભવ સ્થાન છે.' ચિંતકો મેસીવર અને પેજના મતે, ' માનવસર્જિત રહેણી કરણી, વલણો અને ભૌતિક પરિવર્તનો એટલે જ સામાજિક બદલાવ.' આમ તો, સામાજિક પરિવર્તન સર્વસ્વીકૃત અને સાર્વત્રિક રીતે નિરંતર ચાલતી પ્રક્રિયા છે. એ પણ સત્ય છે કે, દરેક સમાજમાં અને દરેક સમયે કોઈપણ અપવાદ વગર આ પ્રક્રિયાના આપણે સૌ સાક્ષી બનતાં રહ્યાં છીએ. પરિવર્તનોને કારણે સમાજની ગતિ અને દિશા નક્કી થતી હોય છે. મહદાંશે લોકો પણ પરિવર્તન હૃદયપૂર્વક ઈચ્છતા જ હોય છે. કેટલીક વાર ઈચ્છા અનુસાર તો કેટલીકવાર અનિચ્છાએ પરિવર્તન તો થતું હોય જ હોય છે. તેનો મને કે કમને સ્વીકાર પણ કરવો જ પડતો હોય છે.

આજે કોરોનાની વૈશ્વિક મહામારીએ વિશ્વ સમસ્તની સામાજિક પરિભાષામાં ધરમૂળ બદલાવી દીધી છે. હવે વિશ્વને 'કોરોના પહેલા' અને 'કોરોના પછી' એમ બે કાળખંડમાં જોવામાં આવશે. આખી દુનિયાનો સિનારિયો બદલાઈ જવા પામ્યો છે. સામાજિક વર્તણુકથી માંડીને અર્થ ઉપાર્જનના દરેક ક્ષેત્રોમાં નવા અભિગમે આકાર લીધો છે. આજે જીવન જીવવાની જદ્દોજહદમા 'સર્વાઈવલ ઓફ ફિવકેસ્ટ' અગત્યનું સૂત્ર બનીને ઉભરી આવ્યું છે. કોરોનાએ અમેરિકા, ચાઈના, રશિયા જેવી મહાસત્તાઓથી માંદીને ભારત જેવા વિકાસશીલ દેશો અને જાપાન, જર્મની, ઓસ્ટ્રેલિયા જેવા ઔદ્યોગિક સંપન્ન રાષ્ટ્રોને અલગથી વિચારવા મજબુર કરી દીધા છે. કયા ક્ષેત્રો મૃતપાય થવા જ ઈ રહ્યાં છે અને કયા ક્ષેત્રો ઉભરી આવશે એની સૌ કોઈ ગણતરીઓ માંડી રહ્યાં છે. એક આકલન મુજબ કોરોનાએ દાયકાઓથી એસ્ટાબ્લિશ જાયન્ટ ઉદ્યોગોને વિનાશની ધાર ઉપર લાવી દીધા છે. એક જમાનામાં સીઈઓ અને તજજ્ઞ કર્મશીલો માટે મબલખ નાણા હતાં. હવે આ જોબ માર્કેટ અંતિમ શ્વાસો લઈ રહ્યું છે. શોપીંગ મોલ અને રિટેલ માર્કેટ લગભગ પડી ભાંગ્યા છે. ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી અને ટુરિઝમનો વ્યવસાય બિલકુલ મૃતપાય બની જવાનો છે. સિનેમા અને લોજિસ્ટિક ઈન્ડસ્ટ્રીઝને સર્વાઈવલ ફાંફાં છે. ઉબર અને ઓલા જેવી ટ્રાન્સપોર્ટ સર્વિસ અને ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીઝ ભૂંસાઈ જવાની છે. રેસ્ટોરન્ટ બિઝનેસથી માંડીને હોસ્પિટાલિટી સેક્ટર ખલાસ થઈ જવાનું છે. ક્રિકેટ, ફૂટબોલ, ટેનિસ જેવી લાઈવ સ્પોર્ટસનો જમાનો પૂરો થઈ ગયો છે. ઈવેન્ટ મેનેજમેન્ટ સેક્ટર અને રિયલ એસ્ટેટનો દાયરો ખૂબ સીમિત થઈ જશે.



વર્ષોથી વિશ્વમાં જેની હાક બોલતી હતી એવા ઉદ્યોગો અને ક્ષેત્રો મરણપથારીએ છે ત્યારે એમ થાય કે, હવે લોકો કરશે શું ? કયા નવા ક્ષેત્રો ઉપર કામ થશે ? વર્ષોથી ચાલ્યા આવતા આ ઔદ્યોગિક એરીયા ઠપ કેમ થયા એની પાછળનું મુખ્ય કારણ લોકોની પ્રાથમિકતામાં ધરમૂળથી આવેલો બદલાવ છે. દુનિયાભરના લોકોમાં આરોગ્ય જાગૃતિ એક અલગ કક્ષાએ પહોંચી છે. લોકોની મનોરંજનની વિચારસરણીમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. વિશ્વના તમામ દેશના લોકો તેમના ખર્ચમાં ધરખમ ઘટાડો કરવા લાગ્યા છે. પર્યાવરણમાં ઉર્ધ્વગામી પરિવર્તન આવ્યું છે. શિક્ષણ વ્યવસ્થા અને બિઝનેસ મોડેલ સમૂળગા બદલાવા જઈ રહ્યાં છે.

કોરોના મહામારી બાદની દુનિયા કેવી હશે ? ઉદ્યોગોના નવા આયામો શા હશે ? આવા પ્રશ્નો સહજ રીતે લોકોના માનસપટ ઉપર રમવા લાગ્યા છે. એ તો નિર્વિવાદ છે કે, હવેનો યુગ ડિજિટલ યુગ હશે. લોકોની જીવનજરૂરી તમામ આવશ્યકતાઓ ડિજિટલ મોડ ઉપર હશે. જોબ માર્કેટ તૂટવાની સાથે 'ગીગ ઈકોનોમિ'નો મોટા પ્રમાણમાં ઉદય થશે. આ 'ગીગ ઈકોનોમી' એટલે કામના પ્રમાણમાં વળતરની પરિભાષા. વ્યક્તિની ક્ષમતા અનુસાર તેને 'ટાસ્ક' આપવામાં આવશે. 'ટાસ્ક' મુજબ જ નાણાં ચૂકવાશે. પે-રોલનો કન્સેપ્ટ વિશ્વમાં ક્યાંય હશે જ નહીં. કોઈ પણ કંપનીના પે-રોલ ઉપર કર્મચારીઓ નહિ હોય. સ્ટોક માર્કેટ ઈન્ડસ્ટ્રીઝમાં જબરજસ્ત બૂમ આવશે કારણ કે, માર્કેટ ડાઉન થાય ત્યારે ઓછા ભાવે શેરની ખરીદી કરવાવાળા સ્ટોક માર્કેટમાં વધુ રોકાણ કરવા પ્રેરાશે.

એ પણ હકીકત છે કે, હવે લોકો ઉપભોક્તાવાદ છોડીને ઉત્પાદકીય હિસ્સો બનવા તરફ વધુ આકર્ષાશે. પોતાની આવશ્યકતા મુજબ અનાજ, ફર્નિચર, શાકભાજીનું ઉત્પાદન વ્યક્તિ પોતાની જાતે જ કરવા વિચારતો થશે. સોલાર, વિન્ડ, ટાઈડલ જેવી વૈકલ્પિક ઉર્જાનું ક્ષેત્ર વધુ વિકાસ પામશે. આયુર્વેદ હોમિયોપેથી જેવા વૈકલ્પિક તબીબી ક્ષેત્રો ઝડપથી બહાર આવશે. મેન્ટલ હેલ્થ ક્લિનિક અને સાઈકિયાટ્રિસ્ટના વ્યવસાયમાં તેજી આવવા જઈ રહી છે. ઈન્શ્યોરન્સ ઈન્ડસ્ટ્રીઝ, વિડીયો ગેમ, હેલ્થ કેર ઈન્ડસ્ટ્રીઝ, સ્પિરિચ્યુઅલ સાયન્સ, ડેટા સાયન્સીઝ અને નેટવકલ્લગ માર્કેટની આગામી સમયમાં બોલબાલા હશે. શિક્ષણ જગતમાં મોટું પરિવર્તન આવશે. કલાસરૂમ એજ્યુકેશન આગામી ટૂંક સમયમાં ભૂતકાળ બની જશે. ઓનલાઈન નેટવર્કિંગથી શિક્ષકો વિદ્યાર્થીઓને ભણાવશે. ચોક એન્ડ બોર્ડ, પેન એન્ડ પેડ મેથડોલોજીનું આગામી સમયમાં કોઈ સ્થાન નહીં હોય. શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઓનલાઈન સ્માર્ટ કોચિંગથી આગળ વધશે. ગાંધીનગરની ચેમ્પ્સ એકેડેમી, કિશોર ક્લાસીસ જેવા કોચિંગ ક્લાસિસ અને કોલેજો તથા યુનિર્વસીટીઓ ઓન લાઈન એજ્યુકેશન ઉપર સ્વીચ ઓવર થઈ ચુક્યા છે.

સામાજિક પરિવર્તનોની સંકલ્પનાના પાયામાં લોકોની રહેણીકરણી, વિચારો, માન્યતાઓ, વલણો, પરંપરાઓ અને પ્રણાલીમાં આવેલા ૩૬૦ ડીગ્રીએ બદલાવ છે. આના પરિણામે સામાજિક માળખું, ઈંટર પર્સનલ બિહેવિયર અને કર્તવ્ય ધરમૂળથી બદલાઈ રહ્યા છે. બદલાવ એ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. કબીર, રહીમ, તુકારામ, તુલસીદાસ જેવા જાગેલા આત્માઓ સામાજિક બદલાવનું કારણ બન્યા હતા. સત્ય, અહિંસા, સ્વચ્છતા અને સ્વદેશીના વિચારો સાથે ગાંધીજી આઝાદી કાળમાં બદલાવના નિમિત્ત બન્યા. ઈતિહાસ સાક્ષી છે કે, પરિસ્થિતિ તો હંમેશા બદલાતી જ રહે છે. માનવીના કાર્યો અને કાર્યપ્રણાલી પણ ક્રમશઃ બદલાયા જ કરતા હોય છે. તો પછી બદલાવ અને પરિવર્તનથી દુઃખી થવાની ક્યાં જરૂર છે ? કોરોનાની મહામારીથી બદલાવ આવ્યો છે એનો સ્વીકાર કરવાનો છે. એક વાત તો ચોક્કસ છે કે, 'બદલાવ આવ્યો' કે 'બદલાવ લાવવો પડ્યો' એની પળોજણમાં પડ્યા વિના હસતા મોંએ આગળ વધવાનું નામ જ જીવનનું સંગીત. જીવન ચલને કા નામ ચલતે રહો સુબહ શામ... એક દરવાજો બંધ થયો તો ચિંતા શેની ? આગળ વધવાના બીજા અનેક દરવાજા ખુલી જશે. નવી તરાહ, નવો ઉત્સાહ અને નવા વિચારો હંમેશા રાહ જોઈને બેઠા હોય છે. 'જસ્ટ કમ ફોરવર્ડ એન્ડ ગ્રેબ ઈટ...'

**ધબકાર :**
દરેક પરિવર્તન એક નવા અવસરને જન્મ આપે છે, પરાણે બદલાવવું પડે એ પહેલાં ચેતી જઈને બદલાઈ જવામાં સમજદારી છે.